પ્રસ્તાવનાઃ-

આપણે જાણીએ છીએ કે ગ્રામ પંચાયતએ ગ્રામ શાસન કે વિકાસની પાયાની સ્થાનિય સરકાર છે. આ સ્થાનિય સરકારને બંધારણિય દરજ્જો પણ મળેલો છે. સરકાર મારફતે આ માટે પંચાયતોને વિવિધ કામો પણ સોંપવામાં આવેલ છે અને અમૂક વહિવટી બાબતો માટે સરકારે વહિવટી વિભાગની પણ રચના કરેલ છે. પંચાયતી રાજનો મુખ્ય ઉદેશ લોકશાહી વિકેન્દ્રીકરણનો છે. ભારતનાં બંધારણની કલમ-૪૦માં જોગવાઇ કરવામાં આવી છે કે ગામડાઓનો વહીવટ ગ્રામ પંચાયતની સ્થાપના દ્વારા લોકો મારફતે થાય. ગ્રામ જીવનની આર્થિક, સામાજિક, શૈક્ષણિક તથા સાંસ્કૃતિક ઉન્નતિ માટે લોકોનાં સહયોગ દ્વારા રાજ્ય પગલાં લેશે.

દેશને સ્વતંત્રતા મળતાં દેશનાં ગામડાઓમાં વસતા ગ્રામજનોનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક તથા સાંસ્કૃતિક વિકાસ ઝડપી થાય અને એ રીતે ભારતનાં લોકશાહી માળખાંમાં ગોઠવી સ્વરાજ્યનો સાચો આનંદ મેળવે તેવાં પગલાઓની જરૂરીયાતોમાંથી સામૂહિક વિકાસ કાર્યક્રમ સને ૧૯૫૨થી શરૂ કરવામાં આવ્યો હતો. સામૂહિક વિકાસએ જનતાનું કામ છે અને ગામલોકો આ યોજનામાં સક્રિય સહયોગ આપે તે દ્રષ્ટિકોણથી વિવિધ સમિતિઓએ પણ ભલામણો કરી હતી.

વિવિધ સમિતિઓની ભલામણનાં આધારે ૧૯૬૧ પંચાયતી રાજ અંગેનો ધારો વિધાનસભામાં પસાર થયો અને તા.૧-૪-૧૯૬૩થી ગુજરાતમાં પંચાયતી રાજ અમલી બન્યું. પરંતુ સમગ્ર દેશમાં પંચાયતી રાજની સ્થાપના થાય અને પંચાયત તંત્રનું માળખું એક સરખું રહે તેમજ ગ્રામ્ય કક્ષાએ લોકોને વધુ સતાઓ મળે તેવા સ્પષ્ટ હેતુથી ભારત સરકારે દેશનાં બંધારણનાં ૭૩મા સુધારા દ્વારા બંધારણમાં પંચાયતો અંગેની ખાસ જોગવાઇઓ કરી છે. આના સંદર્ભમાં ગુજરાત સરકારે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧નાં સ્થાને નવો પંચાયત અધિનિયમ ૧૯૯૩ બનાવેલ છે અને તા. ૧૫-૪-૧૯૯૪થી તેની જોગવાઇ સમગ્ર રાજયમાં અમલી બનાવેલ છે.

૭૩માં બંધારણિય સુધારાથી ત્રી-સ્તરિય પંચાયતીરાજ વ્યવસ્થા અમલમાં આવી. આ બહુમુલ્ય સુધારાથી પાયાની લોકશાહીને મજબૂત બનાવવા ઘણી આશાઓ ફળીભૂત થઇ છે. સમયાંતરે થતા પરિવર્તનોનાં આધારે ૧૪ માં નાણાપંચની ભલામણો,જોગવાઇ અને એ માટેની પ્રક્રિયા ગ્રામ પંચાયતો માટે આર્શિવાદ સમાન છે. આ પ્રક્રિયામાં પ્રજાજનો અને તેની સહભાગીતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. અંજાર તાલુકા પંચાયતે દરેક ગામનાં આયોજનનાં આધારે તાલુકા સ્તરનું આયોજન થાય તે એક વિચાર માત્ર સરાહનિય અને આગવું કદમ છે. આશા છે આ ગ્રામ સ્તરનાં આયોજનો તાલુકા પંચાયત અને તાલુકા પંચાયતનાં ચુંટાયેલા સભ્યો માટે મદદરૂપ સાબિત થશે.

અંજાર-ગાંધીધામ તાલુકા
ગ્રામપંચાયત પ્રતિનીધીમંચ
(બીનરાજકીય સંગઠન)

તાલુકા પંચાયત
અંજાર – કચ્છ